

# વડસાવિત્રી પૂનમના દિવસે બજારો બંધ : સરકારી ઓફિસો રાબેતા મુજબ ચાલુ

કાંકરેજ તાલુકાના શિહોરીમાં દરપૂનમે બજારો બંધ રહે છે. પરંતુ લોકોને પડતી મુશ્કેલીઓ સરકારી કામકાજમાં ઓફિસના અધિકારીઓ પોતાની ફરજ નિષ્ઠાથી નિભાવતા હોય છે અને લોકો પણ પોતાના કામકાજ હોંશેથી કરાવી લેતા હોય છે. તસવીરમાં નજરે પડતા વિદ્યાર્થીઓ ક્રિમીલીયર સર્ટી માટે નોટરીની ઓફિસે ઉભેલા દ્રવ્યમાન થાય છે ત્યારે ખેડૂતો દેનાબેંકની સામે પોતાના ભરણા માટે તેમજ લેવડ-દેવડ માટે ઉભેલા દ્રશ્યમાન થાય છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# પાલનપુરમાં ૩૦ લાખના સોનાની ઠગાઈની ફરિયાદ

પાલનપુર, તા. ૪

રાજસ્થાનના જોધપુરના એક સોનાના વેપારી સાથે રૂપિયા ૩૦ લાખની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાતા સમગ્ર જનતામાં ચકચાર મચી જવા પામી છે. જો કે પોલીસની નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઉભા થયા છે. ફરિયાદી પક્ષે ભારે રોષ વ્યકત કરેલ હતો.

રાજસ્થાનના જોધપુરમાં ચંદુભાઈ દવે સોનાના હોલસેલ વેપારી રહે છે. તેમને ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરતો ધર્મેન્દ્ર ઓઝા નામનો યુવાન રૂપિયા ૩૦ લાખની ૧૨૩૫ ગ્રામ સોનાની ડિલીવરી કરવા પાલનપુર આવ્યો હતો. પાલનપુરના નરેશ નામના વ્યકિતને માલની ડિલીવરી આપવા માટે સેલ્સમેન ધર્મેન્દ્ર શહેરના સીટીલાઈટ બીઝનેશ સેન્ટરની દુકાન નં.- ૪૫ પર પહોચ્યો હતો. જ્યાં માલનું વજન કરાવવાનું કહી નરેશ નામની વ્યક્તિ સેલ્સમેન પાસેથી ૩૦લાખનું સોનું લઈ નીકળ્યો હતો જે કલાકો બાદ પરત ન ફરતાં ફરીયાદી છેતરાયાનો અહેસાસ થતાં આ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જો કે ગત બપોરે ઠગાઈનો ભોગ બનેલ ફરિયાદીને શકના દાયરામાં લઈ પોલીસે અસહ્ય વિલંબ બાદ ફરિયાદ નોંધી હતી. ફરિયાદ લઈને બીઝનેશ સેન્ટરના સીસી ટીવી ફુટેજ ચેક કરવામાં આવ્યા હતા. ફુટેજમાં ફરિયાદીએ આરોપીને ઓળખી બતાવ્યો હતો. પરંતુ પોલીસ પણ મુંજવણમાં મુકાઈ ગઈ છે. જેથી પોલીસની નિષ્ક્રિયતાથી ગુનેગાર નાસી છુટવા પામ્યો છે. દરમ્યાન પોલીસ ગુના નં. ૧૬૫/૧૨થી ઈ.પી.કો. ૪૨૦ મુજબ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

## માણસા નજીક અજાણ્યા વાહનની ટક્કરે ખેડૂતનું મોત

માણસા, તા. ૪

માણસા નજીક કલોલ રોડ ઉપર ગત રાત્રીના સમયે શાકમાર્કેટમાં શાકભાજી વેચવા એક ખેડૂત પોતાનું બળદગાડુ લઈ જઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બળદચાલક ખેડૂતનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર માણસા પાસેના રામપુરા ગામમાં રહેતા અને ખેતી કરી પોતાનું અને પોતાના પરીવારનું ગુજરાન ચલાવતા રજુજી તલાજી ઠાકોર પોતાના ખેતરમાં ઉગેલી શાકભાજી માણસા શાકમાર્કેટમાં વેચવા માટે પોતાનું બળદ ગાડુ લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન માણસા શહેર નજીક પહોંચતા કલોલ માર્ગ પર કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી માર્ગ પર પસાર થઈ રહેલા બળદગાડાને ટક્કર મારી હતી જેથી ગાડુ અને ખેડૂત માર્ગ પરથી ફંગોળાઈ ખાડામાં પડી ગયા હતા અને માથા તથા હાથ પગના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ ખેડૂતનું મોત નિપજ્યું હતું. પોલીસે આ મામલે ગૂનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા પરવાના વગર ચાલતા ઈંટોના ભઠ્ઠા સામે તંત્રની ચૂપકિદી

ખેડબ્રહ્મા, તા. ૪

અતિ પછાત વર્ગની વસ્તી ધરાવતા ખેડબ્રહ્મા તાલુકામાં ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ પૈકી કેટલાક ભઠ્ઠાઓ ઝેરી કેમીકલ વાપરી ગેરકાયદેસર રીતે ઈંટો પકવી જન આરોગ્યને નુકશાન કરી રહ્યા છે ત્યારે ગેરકાયદેસર ધમધમતા ભઠ્ઠાઓ સામે કાર્યવાહી કરવાને બદલે તંત્ર ભેદી મૌન ધારણ કરી બેસી રહેતા પ્રજામાં ભારે રોષ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ઘણા મોટા પ્રમાણમાં ઈંટોના ભઠ્ઠાઓ ચાલે છે. તથા સાથે-સાથે ઘણા ગેરકાયદેસર ભઠ્ઠાઓ પણ વરવાના વગર ધમધમે છે. પરવાના વગર ધમધમતા ભઠ્ઠાના માલિકો કોઈનાય ડર વગર બિન્દાસપણે જલદી ઈંટો પકવવાના હેતુથી ઝેરી કેમીકલનો ઉપયોગ કરી ઈંટો પકવે છે. પરિણામે ભઠ્ઠામાંથી ઉત્પન થતો ધુમાડો આસપાસ ના વિસ્તારમાં અસર કરે છે. ત્યારે આ વિસ્તારમાં રહેતા લોકોના જન આરોગ્યને નુકશાન પહોંચવાનો ખતરો ઉભો થયો છે. જન આરોગ્ય સાથે ચેડા કરતા અને વગર પરવાને બે રોકટોક પણે ભઠ્ઠા ચલાવતા ભઠ્ઠા માલિકની તમામ હકિકતો વિશે તાલુકાના અધિકારી જાણતા હોવા છતા આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી મૌન સેવી રહ્યા છે. આ સંદર્ભે હવે અધિકારીઓ આળશ ખંખેરી અને મૌન તોડી નિયમોનો ભંગ કરી ગેરકાયદેસર રીતે ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવું સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

# લાલોડામાં ડેન્ગ્યૂના બે કેસ મળી આવ્યા

હિંમતનગર, તા. ૪

ઈડર તાલુકાના લાલોડા ગામે રહેતા મા અને દીકરીને શંકાસ્પદ ડેન્ગ્યૂના લક્ષણો દેખાતા બંનેને સારવાર માટે ઈડરની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ ઈડર તાલુકાના લાલોડા ગામે રહેતા અંજુબેન ભરતકુમાર પટેલ (ઉ.વ. ૩૮) અને તેમની પુત્રી ધ્વનિબેન ભરતકુમાર (ઉ.વ. ૧૬) છેલ્લા કેટલાક દિવસથી બિમારીમાં સપડાયા હતા. જેથી બંનેએ સ્થાનિક ડૉક્ટર પાસે સારવાર લીધી હતી. પરંતુ તેમની તબિયતમાં કોઈ સુધારો જણાયો ન હતો ત્યારબાદ પરિવારજનો દ્વારા બંનેને સારવાર માટે ઈડર સિવિલમાં લવાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે રવિવારે ઈડરના ખાનગી તબીબ ડૉ. નિરવ ત્રિવેદીની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં બંનેના પ્લેટનેટ કાઉન્ટ ચોવીસ હજાર જણાયા હતા. જેથી ડૉક્ટરે મા-દીકરીને શંકાસ્પદ ડેન્ગ્યૂ હોવાનું માની તે અંગે સારવાર આપવાનું શરૂ કર્યું હતું.

આ અંગે ડૉ. નિરવ ત્રિવેદીએ જણાવ્યું હતું કે અંજુબેન અને ધ્વનિબેનની શારીરિક તપાસ કરાતા તેમાં શંકાસ્પદ ડેન્ગ્યૂના લક્ષણો જણાયા છે. જે અંગે વધુ પરિક્ષણ માટે બંનેના લોહીના નમૂના અમદાવાદ મોકલાયા છે.

# હિંમતનગરમાં ઉત્તર ગુજરાત મહિલા સંગઠન કાર્યકર ક્ષમતા વર્ધન તાલીમ શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર વિદ્યાનગરી ખાતે ઉત્તર ગુજરાત કોંગ્રેસ મહિલા સંગઠન કાર્યકર ક્ષમતા વર્ધનની બે દિવસીય તાલીમ શિબિરનું આયોજન ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ સોનલબેન પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાની મહિલા હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહી હતી.

આ શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, પૂર્વ મંત્રી વી.ડી. ઝાલા, ધારાસભ્ય અશ્વિન કોટવાલ, મહેન્દ્રસિંહ વાઘેલા, વિદ્યાનગરીના સ્થાપક ડી.એલ. પટેલ અને સાબરકાંઠા મહિલા કોંગ્રેસ પ્રમુખ નિર્મલાબેન પંચાલ હાજર રહ્યા હતા અને પ્રાસંગોચિત પ્રવચનો કર્યા હતા. જેમાં મહેન્દ્રસિંહ વાઘેલાએ સ્ત્રી સશક્તિકરણ પરભાર મુકી મહિલાઓને ઉત્સાહ અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. જ્યારે અશ્વિનભાઈ કોટવાલે મહિલા સંગઠિત બની આગામી દિવસોમાં કોંગ્રેસને વિજય બનાવવા અનુરોધ કર્યો હતો. અંતે પ્રદેશ મહિલા પ્રમુખ સોનલ પટેલ દ્વારા શિબિરની રૂપરેખા, કોંગ્રેસની વિચારધારા, મહિલાઓને લીડરશીપ લોકઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓ અંગે સુંદર અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





કાંકેરજે દુર્ગાસણ પાટીયા નજીક જીપ-બાઈક ટકરાતાં બાઈક સળગી ગયું. કાંકરેજ તાલુકાના શિહોરી-થરા નેશનલ હાઈવે-૧૪૫૨ આજે સવારે ૭.૩૦ કલાકે જીપ-બાઈક ધડાકાભેર ટકરાયા હતા અને બાઈક બળીને ખાખ થઈ ગયું હતું. બાઈકચાલક ખારીયા ગામનો હોવાનું જાણવા મળેલ છે. બાઈક ઉપર ત્રણસવારી થઈને નીકળેલા દર્શન કરવા જતા હતા ત્યારે દુગ્રાસણની ગોળાઈમાં જીપ આવતી હતી પરંતુ બાઈકચાલકને ત્રણ સવારી અને પવનના જોરે ગાડી સામે ખેંચાઈ જતાં આ બનાવ બન્યો હોય તેવું લોકોમાં ચર્ચાતું હતું. (તસવીર : હેમુભા વાઘેલા)

## આજે વહેલી સવારે બનેલી ઘટના : ગેસ પાઈપલાઈન લીકેજ થઈ જતાં નાસભાગ મચી

અમદાવાદ, તા.૪

શહેરના કઠવાડા જીઆઈડીસી ખાતે આજે વહેલી સવારે સીએનજી ગેસની પાઈપલાઈન લીકેજ થતાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

મળતી માહિતી એવી છેકે આજે સવારના ૯ વાગ્યાના સુમારે કઠવાડા જીઆઈડીસી ખાતે રોડ પરથી પસાર થતી સીએનજી ગેસની પાઈપલાઈન અચાનક લીકેજ થઈ ગઈ હતી. જેથી મોટીમાત્રામાં ગેસ ફેલાઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા ફાયરબ્રિગેડના જવાનોએ દોડી આવી ગેસ લીકેજને કાબુમાં કરી લીધો હતો.

# ખેડવા જળાશયમાંથી ચાર ગામોને સિંચાઈનું પાણી આપવા રજૂઆત

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા તાલુકામાં ખેડવા જળાશય યોજનાથી ખેડબ્રહ્મામાંથી ઉત્તરના ગામોને ખેતી સિંચાઈ માટે સુવિધામાં વધારો થયો છે. પણ જળાશયની બીલકુલ નજીક આવેલ ખેડવા ગૃપ ગ્રામ પંચાયતના ગામોને સિંચાઈનું પાણી મળતું ન હોવાથી સરપંચ દ્વારા સક્ષમ અધિકારીઓને સિંચાઈનું પાણી આપવા લેખિતમાં ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડવા ગૃપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ પી.પી. સોલંકીએ જણાવ્યું હતું કે પંચાયત સેજાના ખેડવા, બોરડી, બહેડીયા અને બાસોલ ગામ ખેડવા જળાશયની બાજુમાં જ હોવા છતાં છેલ્લા ઘણા સમયથી સિંચાઈના પાણીથી વંચિત છે. જો ખેડવા જળાશયમાંથી કેનાલ દ્વારા પાણી આપવામાં આવે તો ખેતીની સિંચાઈ સાથે સાથે આ ચાર ગામોના તળાવો તથા કુવાઓના તળ પણ ઉંચા આવે તેમ છે. અને તળાવમાં પાણી ભરેલું રહેતાં પશુ પંખીનો પણ પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય તેમ છે તથા ખેડવા જળાશયને સંલગ્ન બીજી રીતે આયોજન કરીને પણ સિંચાઈનું પાણી આપવા ખેડવા ગ્રામ પંચાયતની ગામ સભામાં તાજેતરમાં ઠરાવ મંજૂર કરી ધારાસભ્ય સહિત સક્ષમ અધિકારીઓને લેખિત ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી જેથી પંચાયતની ઉગ્ર રજુઆતને પગલે ખેડવા જળાશયના ઈજનેર કે.એન. પટેલે જણાવ્યું હતું કે ખેડવા ગૃપ ગ્રામ પંચાયત જળાશયના કમાન્ડ એરીયામાં આવતી નથી જે અંગે સરકાર જ નિર્ણય કરી શકશે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧